# ગુજરાત યુનિવર્સિટીના જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર ( offline )

## ટેન્ડરની શરતો

1. ટેન્ડર ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.inપરથી ડાઉનલોડ કરી શકાશે.
2. ટેન્ડર ફોર્મની કિંમત રૂ. 2,000/- અંકે રૂપિયા બે હજાર છે. જે પરત ન આપવાની શરતે "The Registrar Gujarat University" અમદાવાદના નામ નો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
3. અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. 50,000/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા છે જે અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. EMD ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
4. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી તા.30/06/25 સમય સાંજે 17.00વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 38 માં સ્વીકારવામાં આવશે મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીના જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર" એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.
6. ટેન્ડર ખોલવાની તારીખ 01/07/25 સમય 13.00 વાગ્યાનો રહેશે.
7. ઓફરમાં મુકેલ માલસામાન બીજો અને ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ વિભાગ ફોન નં.26301333 અથવા Workshop માઇક્રોબાયોલોજીની સામે, ફોન નં. 26303252 પર સંપર્ક કરવો.

8. માલસામાનના નિરિક્ષણ બાદ ભાવપત્રકમાં ભાવ ભરવાનો રહેશે. આંશિક લોટની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

9. **<u>બીડર પાસે GPCB કે CPCB ના E-Wasteના માન્ય recycler અંગેનુ રજીસ્ટ્રેશન હોવુંજરૂરી છે. ટેન્ડર સાથે રજીસ્ટ્રેશનની નકલ જોડવાની રહેશે. રજીસ્ટ્રેશન વગરના બીડરનુ . ટેન્ડર રદ ગણવામા આવશે.</u>**

10. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.

11. જે બિડરના ભાવ H1 હશે તેનું ટેન્ડર મંજુર કરવામાં આવશે.

12. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.

13. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઇ જવાનો રહેશે.

14. જે ટેન્ડરરનો ભાવ મંજૂર થાય અને જાણ કરવામાં આવેએટલે કે વર્ક ઓડર મળ્યા બાદ 3 (ત્રણ) દિવસમાં પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે.તેમજ જે તે સરકારી કચેરીમા GST જમા કરાવી તેની રસીદ યુનિ. માં આપવા ની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

15. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ તેમજ GST ભર્યા બાદ 5(પાંચ) દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. એટલે કે ઓર્ડર મળ્યાથી કુલ આઠ વર્કિંગ દિવસમાં ( વર્કઓડર મળ્યા બાદ ૩ દિવસ લોટ ની રકમ તથા GST ભરવા માટે તથા 5 દિવસ માલ સામાન ઉપાડવા માટે ) લોટમાં રહેલ તમામ માલસામાન ઉપાડી લેવાનો રહેશે. જો આ સમય કરતા વધુ સમય થશે તો વિલંબિત દિવસના પ્રતિ દિવસ રૂ.2,500/- અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

16. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઇપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ EMDની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

17. સરકારી નિયમાનુસાર જે તે તમામ ચુકવવા પાત્ર વેરા જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

18. E-Wasteના નિકાલ વખતે પાસબુકમાં એન્ટ્રી કરાવી સહી સિક્કા કરાવી તેની નકલ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર ના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ E-Waste નો નિકાલ કરવાનો રેહશે. તેમજE-Waste રિસાયકલ કર્યા બાદ તે અંગેનું સર્ટિફિકેટ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

19. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલે કચરાની સફાઇ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

20. કોઇપણ ભાવ  કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઇપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.

21. જે ઇજારદારશ્રી ટેન્ડર ભરવા ઇચ્છતા હોય તેઓશ્રીએ સીલબંધ કવરમાં ટેન્ડર ફી, EMD નો ડ્રાફ્ટ, ભાવપત્રક, ટેન્ડરની શરતો સ્વીકાર્ય છે તેમસહી સિક્કા સાથેનાં ડોક્યુમેંટ અને તેઓનો ધંધો પ્રોપરાઇટર, પાર્ટનરશિપ છે કે કંપની છે તેનો આધાર પુરાવો અને ધંધાના સ્થળનું સરનામુ આપવાનું રહેશે.

22. ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજયો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

ટેન્ડરરની સહી:- .......................................

સિક્કો:- .................................................

મોબાઇલ નંબર:- ......................................

નામ:- ....................................................

સરનામું:- ..............................................

આ સાથે સામેલ તમામ શરતોને માન્ય રાખીને આપની સંસ્થા ખાતે રહેલ વેચાણમાં મુકેલ જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા અન્ય બિનઉપયોગી માલસામાન જેમ છે તે હાલતમાં મેળવવા માટેના મારા ઓફર ભાવ નીચે મુજબ છે જે ધ્યાને લેવા વિનંતી છે.

| Lot No. | Sub Lot No. | Lot માં રહેલ સાધન સામગ્રી | Lot નું લોકેશન | હયાત જથ્થા મુજબની કુલ કિંમત રૂ. |
|---|---|---|---|---|
| 1 | A .1 | કોમ્પ્યુટર, પ્રિન્ટર,મોનીટર,વગેરે | વર્કશોપ વિભાગ માં FF પર | |
| | A . 2 | ઝેરોક્ષ મશીન | વર્કશોપ વિભાગ માં GF પર | |

ટેન્ડરરની સહી:- .......................................

સિક્કો:- .................................................

મોબાઇલ નંબર:- .......................................

નામ:- ....................................................

સરનામું:- ...............................................

૧. ટેન્ડરફી રૂ. 2,000/- DD No. ………………….. Date ……………………

૨. EMD રૂ. 50,000/- DD No. ………………….. Date ……………………

## <u>બાહેંધરી પત્ર</u>

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મા. સાહેબશ્રી,

ગુજરાત યુનિવર્સિટીના જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર વગેરે E-Wasteના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાની હું બાહેંધરી આપું છું. અને આ બાબતે કસુર થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

ટેન્ડરરની સહી:- ………………………………

સિક્કો:- …………………………………………

મોબાઇલ નંબર:- ………………………………

નામ:- …………………………………………

સરનામું:- ……………………………………….